ચૂંટણી જંગમાં કોણ કોની સામે ?

મહેસાણા, ઊંઝા, વિસનગર, વિજાપુરમાં કોંગ્રેસ દ્વારા પાટીદારોને ટિકિટ અપાઈ

ગાંધીનગર, તા. ૨૭

ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા ૯ ધારાસભ્યોને રિપીટ કરાયા છે. તો ધાનેરાના જોઈતાભાઈ પટેલ અને કાંકરેજના ધારાસભ્ય ધારસી ખાનપુરાને ટિકિટ નહી આપી. તો બહુચરાજીમાં પૂર્વ ગૃહરાજ્ય મંત્રી રજની પટેલને ભાજપે મોડી રાતે નામ જાહેર કરી દીધું છે.

કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારોમાં ખેરાલુમાં રામજી ઠાકોર, ઊંઝામાં આશાબેન પટેલ, વિસનગરમાં મહેશ પટેલ, બહુચરાજીમાં ભરત ઠાકોર, કડીમાં રમેશ ચાવડા, મહેસાણામાં જીવાભાઈ પટેલ, વિજાપુરમાં નાથા ભાઈ પટેલનો સમાવેશ થાય છે. કોંગ્રેસે પાટીદાર અનામત આંદોલનને ધ્યાને લઈ મહેસાણા, વિસનગર, ઊંઝા અને વિજાપુરમાં પાટીદારોને મેદાનમાં ઉતાર્યા છે. જેના કારણે હવે મહેસાણા, ઊંઝા અને વિજાપુર બેઠક ઉપર બે પાટીદારો વચ્ચે જંગ જામશે. તો બહુચરાજીમાં પાટીદાર અને ઠાકોર વચ્ચે તો ખેરાલુમાં બંને ઠાકોર વચ્ચે રસાકસી જામશે.

બનાસકાંઠાના વાવમાં ગેનીબેન ઠાકોર, ધાનેરામાં નાથાભાઈ પટેલ, દાંતામાં કાંતી ભાઈ ખરાડી, ડીસામાં ગોવાભાઈ રબારી, પાલનપુરમાં મહેશ પટેલ, કાંકરેજમાં દિનેશ ઝાલોરા, પાટણ બેઠક પર ડૉ.કિરીટ પટેલ, જ્યારે સાબરકાંઠાના હિંમતનગર બેઠક પર કમલેશ પટેલ, ખેડબ્રહ્મામાં અશ્વિન કોટવાલ, પ્રાંતિજમાં મહેન્દ્રસિંહ બારૈયા, જ્યારે અરવલ્લીના ભિલોડામાં અનિલ જોષિયારા, મોડાસામાં રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડમાં ધવલસિંહ ઝાલાને ટિકિટ આપી છે.

ટિકિટ ના મળતાં બરોડા કોંગ્રેસનાં ઉમેદવાર પુષ્પા વાઘેલા રીતસર રડી પડ્યા

ગાંધીનગર, તા. ૨૭

વિધાનસભાની શહેરની પાંચ બેઠકો માટે કોંગ્રેસની યાદી જાહેર કરવામાં આવી તેની અમુક મિનિટોમાં કોંગી મોરચે ભડકો થયો હતો અને ટિકિટન મળતાં મહિલા કાઉન્સિલર પુષ્પા વાઘેલા ચોધાર આંસુએ રડી પડી હતી. વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનો સોમવાર છે, ત્યારે કોંગ્રેસની યાદી રવિવારે સવાર સુધી જાહેર થતાં કોંગી મોરચે ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. જેમાં કોંગ્રેસના મહિલા કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાને ટિકિટ ના મળતાં ચોધાર આંસુએ રડી પડ્યા હતા.

સયાજીગંજ બેઠકનાં દાવેદાર પુષ્પા વાઘેલાએ રડતાં રડતાં પોતાની વેદના જણાવતા હતું કે, હું જાહેર જીવનમાં ૨૦ વર્ષથી છું અને અનામત કેટેગરીમાં આવું છું અને તેના લીધે મારી ટિકિટ કાપી નાંખવામાં આવી છે. છેલ્લા આઠ મહિનાથી અમે ઘરે ઘરે ફરીને કોંગ્રેસનો પ્રચાર કરી રહ્યા છીએ, પણ કોંગ્રેસે લોકપ્રિય ના હોય તેવા ઉમેદવારો સયાજીગંજ અને અકોટામાં આપ્યા છે, તો શું કોંગ્રેસે હારવા માટે આવા ઉમેદવારો જાહેર કર્યાં છે ગરીબ ઈમાનદાર અને પ્રજાલક્ષી વ્યક્તિની ઉપેક્ષા કરીને માત્ર રૂપિયાવાળા ઉમેદવારને ટિકિટ આપી છે તેવો આક્ષેપ તેમણે કર્યોહતો.

આનંદીબહેન પટેલને કેમ ન મળી ટિકિટ ?

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભા ચુંટણીમાં ટિકિટને લઈને વિરોધ અને ખેંચતાણ વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે જ ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરી હતી.

આ લિસ્ટમાં ૩૪ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી જેમા પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનું નામ ન હતું, આનંદીબહેન પટેલની ઘાટલોડિયા બેઠકની ફાળવણી ભૂપેન્દ્ર પટેલને કરવામાં આવી. અત્યારે ચર્ચાનો વિષય એ જ છે કે ભાજપના સિટિંગ ધારાસભ્યો અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનું પત્તુ કેમ કપાયું ?

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનથી સમગ્ર દેશમાં સન્નાટો ફેલાઈ ગયો છે. પાટીદારોના અનામત આંદોલનમાં હિંસા ફાટી નિકળી હતી તે સમયે સત્તા પર આનંદીબહેન પટેલ હતા, પાટીદાર અનામત આંદોલનથી તેમણે મુખ્યમંત્રી પદ છોડવું પડયું હતું. ૨૦૦૧માં આવેલા વિનાશકારક ભૂકંપ બાદ કેશુભાઈ પટેલે ખુરશી ખોઈ હતી. કેશુભાઈ પટેલે તબીયતનું બહાનું આપી રાજીનામું ધરીદીધું હતું.કેશુભાઈ પટેલ પર સરકાર ચલાવવામાં નિષ્ફળ, સત્તાનો દુરપયોગ કરનાર તેમજ ભ્રષ્ટાચારના આક્ષેપો લાગ્યા હતા. તેમની જગ્યાએ નરેન્દ્ર મોદીને ગુજરાતના મુખ્યમંત્રી પદ સોંપાયુ, ૨૦૦૨માં વિધાનસભા ચુંટણીમાં કેશુભાઈ પટેલને ટિકિટ ન મળી. આનંદીબહેન પટેલે ઓગષ્ટ ૨૦૧૬માં મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું, રાજીનામું આપવા પાછળનું કારણ તેમની ઉંમર આપવામાં આવ્યું. ૨૦૧૭ની ચુંટણીમાંથી આનંદીબહેન પટેલને રાજનીતિમાંથી જાણેકે આઉટ કરી દીધા.તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા જ આનંદીબહેન પટેલે ચુંટણી લડવાની ઈચ્છા દર્શાવી હતી.પાર્ટીએ માહિતી આપી હતી કે ઘાટલોડિયા બેઠક તો શું આનંદીબહેન પટેલ ૧૮૨ બેઠક પરથી ક્યાંય પણ ચુંટણી નહી લડે. અલબત્ત, આનંદીબહેન પટેલને ટિકિટ ન મળી તેમાં તેમની પટેલ જ્ઞાતિને પણ જવાબદાર માનવામાં આવે છે.

વડોદરા : ભાજપ-કોંગ્રેસમાં બળવો

વડાપ્રધાન મોદી પર બંગડી ફેંકનાર ચંદ્રિકાબેને અપક્ષ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૨૭

મોદી પર બંગડી ફેંકનાર મહિલા ચંદ્રીકાબેન સોલંકીએ અપક્ષ ઉમેદવારી કરીને સૌ-કોઈને ચોંકાવી દીધા છે. કોંગ્રેસે ટિકિટ ન આપતા ચંદ્રીકાબેને અપક્ષ ઉમેદવારી કરીને ભાજપ સામે મોરચો ખોલ્યો છે. ચંદ્રીકાબેને જણાવ્યુ હતુ કે, જનતા અને આશા વર્કર્સના અવાજને ઉપર સુધી લઈ જવા માટે મેં અપક્ષ ઉમેદવારી કરી છે. તો બીજી તરફ વાઘોડિયા બેઠક પર ભાજપ-કોંગ્રેસના બળવાખોરોએ અપક્ષ ઉમેદવારી કરતા રાજકીય મોરચે ખળભળાટ મચી જવા પામ્યો છે.

કોંગ્રેસે વાઘોડીયા બેઠક પર બીટીએસના સાથે ગઠબંધન કરીને બીટીએસના ઉમેદવાર પ્રફુલ વસાવાને ટિકિટ ફાળવી છે. જેને

કારણે કોંગ્રેસમાંથી ટિકિટ માંગનાર રાજુ અલવાએ બળવો કરીને અપક્ષ ઉમેદવારી કરી છે. જ્યારે વાઘોડિયા બેઠક પર ભાજપે ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને ફરીથી ટિકિટ આપી છે. જેને કારણે વાઘોડીયા બેઠક પર ઘણા સમયથી ટિકિટ માટે મહેનત કરી રહેલા ભાજપના ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ બળવો કર્યો છે. અને અપક્ષમાંથી ઉમેદવારી કોર્મ ભર્યુ છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની આજે છેલ્લો દિવસ છે. જેને કારણે વડોદરાના નર્મદા ભવન, જિલ્લા પંચાયત અને કલેક્ટર કચેરી ખાતે સવારે ૧૧ વાગ્યાથી જ ઉમેદવારોનો ઉમેદવારી ફોર્મ ભરવા માટે ધસાસો જોવા મળ્યો હતો. વડોદરાની સયાજીગંજ બેઠક પર ભાજપના જીતેન્દ્ર સુખડીયાએ ઉમેદવારી ફોર્મ ભર્યુ હતુ. જેને કારણે વડોદરાના મેયર ભરત ડાંગરનું ચૂંટણી લડવાનું સ્વપ્ન રોળાઈ ગયુ છે. સયાજીગંજ બેઠક પરથી કોંગ્રેસના નરેન્દ્ર રાવતે ઉમેદવારી ફોર્મ ભર્યુંહતુ. તો અકોટા બેઠક પર ભાજપના સીમાબેન મોહીલેએ ઉમેદારી ફોર્મ ભર્યુ હતુ. જેમની સામે કોંગ્રેસના રણજીત ચવ્હાણે ઉમેદવારી કરી હતી.

ઉમેદવારીપત્રો પછી હવે બંને પક્ષોની બયાનબાજી

ગાંધીનગર, તા. ૨૭

રાહુલ ગાંધી ગુજરાતથી દિલ્હી પરત આવી ગયા છે પણ તેમના શાબ્દિક પ્રહારો યથાવત રહ્યા છે. રવિવારે રાહુલે ટ્વિટરના માધ્યમથી મોદી પર નિશાન સાધ્યું હતું. રાહુલે લખ્યું હતું કે વડાપ્રધાનનો મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ હાંફી રહ્યો છે. ગુજરાતના લોકોએ આપેલા ટેક્સના ૩૩ કરોડ રૂપિયા બરબાદ થઈ ચૂક્યા છે. આ માટે કોણ જવાબદાર ગણાશે? રાહલે ટ્વીટની સાથે એક સમાચાર પણ શેર કર્યા હતા, જેમાં ટાટા નેનોનું વેચાણ ઘટ્યું હોવાનો અહેવાલ છે. રાહુલની ટ્વીટ બાદ ભાજપ-કોંગ્રેસ આમને સામને થઈ ગયા હતા.

ભાજપના આઈટી સેલના વડા અમિત માલવીયે રાહુલની સભાનો વીડિયો દર્શાવતા કહ્યું હતું કે ગુજરાતમાં રાહુલની એકપછી એક સભાઓ ફ્લોપ થઈ રહી છે અને તેમની સભામાં મેદાન ખાલીખમ છે. જવાબમાં કોંગ્રેસના પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું હતું કે રાહુલને કારણે બીજેપી ચિંતામાં ન હોય તો પછી તેમણે ૪૦ મંત્રી અને ૧ રાજ્યના સીએમ શા માટે ઉતાર્યા છે? આ જ રાહુલની લોકપ્રિયતા દર્શાવે છે.

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રવિવારે સુરતમાંહતા. યોગીએ કહ્યું, યુપીએ સરકારે રામસેતુનું અસ્તિત્વ નહીં હોવાની સુપ્રીમમાં એફિડેવીટ કરી હતી. રામનું અસ્તિત્વ નકારનારા હવે મંદિર-મંદિર દોડી રહ્યા છે.

જિલ્લો : કચ્છ

અબડાસા

ભાજપ	કોંગ્રેસ
છબિલભાઈ પટેલ	પ્રદ્યુમ્નસિંહ જાડેજા

માંડવી

વિરેન્દ્રસિંહ જાડેજા	શક્તિસિંહ ગોહિલ

ભૂજ

નિમાબેન આચાર્ય	આદમભાઈ ચાકી

અંજાર

વાસણભાઈ આહિર	વી કે હુંબલ

ગાંધીધામ

માલતીબેન મહેશ્વરી	કિશોર પીંગોલ

રાપર

પંકજભાઈ મહેતા	સંતોકબેન આરેડિયા

જિલ્લો : સુરેન્દ્રનગર

દસાડા

રમણલાલ વોરા	નૌશાદ સોલંકી

લીંબડી

કિરીટસિંહ રાણા	સોમાભાઈ પટેલ

વઢવાણ

ધનજીભાઈ પટેલ	મોહનભાઈ પટેલ

ચોટીલા

જીણાભાઈ ડેડવારિયા	ઋત્વિકભાઈ મકવાણા

ધ્રાંગધ્રા

જયરામ સોનાગર	પુરુષોત્તમ સાબરીયા

જિલ્લો : મોરબી

મોરબી

કાંતિભાઈ અમૃતિયા	બ્રિજેશભાઈ મેરજા

ટંકારા

રાઘવજી ગડારા	લલિતભાઈ કથગરા

વાંકાનેર

જીતુભાઈ સોમાણી	મહંમદભાઈ પીરજાદા

જિલ્લો : રાજકોટ

રાજકોટ પૂર્વ

અરવિંદભાઈ રૈયાણી	મિતુલભાઈ દોંગા

રાજકોટ પશ્ચિમ

વિજયભાઈ રૂપાણી	ઇન્દ્રનીલ રાજયગુરુ

રાજકોટ દક્ષિણ

ગોવિંદભાઈ પટેલ	દિનેશભાઈ ચોવટિયા

રાજકોટ ગ્રામ્ય

લાખાભાઈ સાગઠીયા	વસરામભાઈ સાગઠીયા

જસદણ

ભારતભાઈ બોધરા	કુંવરજીભાઈ બાવળિયા

ગોંડલ

ગીતાબા જાડેજા	અર્જુનભાઈ ખાટરિયા

જેતપુર

જયેશભાઈ રાદડિયા	રવિભાઈ આંબલિયા

ધોરાજી

હરિભાઈ પટેલ	લલિતભાઈ વસોયા

જિલ્લો : જામનગર

કાલાવડ (એસસી)

મુળજીભાઈ ધૈયડા	પ્રવિણભાઈ મુંછડિયા

જામનગર ગ્રામ્ય

રાઘવજીભાઈ પટેલ	વલ્લભભાઈ ધારવીયા

જામનગર ઉત્તર

ધર્મેન્દ્રસિંહ જાડેજા	જીવણભાઈ કુંભારવાડિયા

જામનગર દક્ષિણ

આર સી ફળદુ	અશોક લાલ

જામજોધપુર

ચીમનભાઈ સાપરિયા	ચિરાગભાઈ કાલરિયા

જિલ્લો : દેવભૂમિ દ્વારકા

ખંભાળિયા

કાળુભાઈ ચાવડા	વિક્રમભાઈ માડમ

દ્વારકા

પબુભા માણેક	મેરામણ ગોરિયા

જિલ્લો : પોરબંદર

પોરબંદર

બાબુભાઈ બોખીરિયા	અર્જુનભાઈ મોઢવાડિયા

કુતિયાણા

લખમણ ઓડેદરા	વેજાભાઈ મોડેદરા

જિલ્લો : નર્મદા

નાંદોદ (એસટી)

શબ્દશરણ તડવી	પી ડી વસાવા

ડેડિયાપાડા (એસટી)

મોતીભાઈ વસાવા	મહેશભાઈ વસાવા

જિલ્લો : તાપી

વ્યારા (એસટી)

અરવિંદભાઈ ચૌધરી	પુનાજી ગામીત

નિઝર (એસટી)

કાંતિભાઈ ગામીત	સુનિલભાઈ ગામીત

જિલ્લો : જૂનાગઢ

માણાવદર

નીતિનભાઈ કળદુ	જવાહરભાઈ ચાવડા

જૂનાગઢ

મહેન્દ્રભાઈ મશરૂ	ભીખાભાઈ જોષી

વિસાવદર

કિરીટભાઈ પટેલ	હર્ષદભાઈ રીબડિયા

કેશોદ

દેવાભાઈ માલમ	જયેશભાઈ લાડાણી

માંગરોળ

ભગવાનજી કરગઠીયા	બાબુભાઈ વાજા

જિલ્લો : ગીર સોમનાથ

જશાભાઈ બારડ — **વિમલભાઈ ચુડાસમા**

તલાલા

ગોવિંદભાઈ પરમાર	ભગવાનભાઈ બારડ

કોડિનાર (એસસી)

ડૉ. રામભાઈ વાઢેર	મોહનભાઈ વાળા

ઉના

હરિભાઈ સોલંકી	પુંજાભઈ વંશ

જિલ્લો : બોટાદ

ગઢડા (એસસી)

આત્મારામ પરમાર	પ્રવીણભાઈ મારૂ

બોટાદ

સૌરભભાઈ પટેલ	ડી એમ પટેલ

જિલ્લો : અમરેલી

ધારી

દિલીપભાઈ સંઘાણી	જયસુખભાઈ કાકડિયા

અમરેલી

બાવકુભાઈ ઉંધાડ	પરેશભાઈ ધાનાણી

લાઠી

ગોપાલભઈ વસ્તરપરા	વીરજીભાઈ ઠુંમર

સાવરકુંડલા

કમલેશભાઈ કાનાણી	પ્રતાપભાઈ દુધાત

રાજુલા

હીરાભાઈ સોલંકી	અમરીશભાઈ ડેર

જિલ્લો : ભરૂચ

જંબુસર

છત્રસિંહ મોરી	સંજયભાઈ સોલંકી

વાગરા

અરૂણસિંહ રાણા	સુલેમાન પટેલ

ઝઘડિયા (એસસી)

રયજીભાઈ વસાવા	છોટુભાઈ વસાવા

ભરૂચ

દુષ્યંતભાઈ પટેલ	જયેશભાઈ પટેલ

અંકલેશ્વર

ઈશ્વરસિંહ પટેલ	અનિલભાઈ ભગત

જિલ્લો : ડાંગ

ડાંગ

વિજયભાઈ પટેલ	મંગલભાઈ ગામીત

જિલ્લો : ભાવનગર

મહુવા

આર સી મકવાણા	વિજયભાઈ બારૈયા

તળાજા

ગૌતમભાઈ ચૌહાણ	કનુભાઈ બારૈયા

ગારિયાધાર

કેશુભાઈ નાકરાણી	પી એમ ખૈની

પાલિતાણા

ભીખાભાઈ બારૈયા	પ્રવીણભાઈ રાઠોડ

ભાવનગર ગ્રામ્ય

પરસોત્તમ સોલંકી	કાંતિભાઈ ચૌહાણ

ભાવનગર પૂર્વ

વિભાવરીબેન દવે	નીતાબેન રાઠોડ

ભાવનગર પશ્ચિમ

જીતુભાઈ વાઘાણી	દિલીપસિંહ ગોહિલ

જિલ્લો : વલસાડ

ધરમપુર (એસટી)

અરવિંદભાઈ પટેલ	ઈશ્વરભાઈ પટેલ

વલસાડ

ભરતભાઈ પટેલ	નરેન્દ્રભાઈ ટંડેલ

પારડી

કનુભાઈ દેસાઈ	ભરતભાઈ પટેલ

કપરાડા (એસટી)

મધુભાઈ રાઉત	જીતુભાઈ ચૌધરી

ઉમરગામ (એસટી)

રમણભાઈ પાટકર	અશોકભાઈ પટેલ

જિલ્લો : મહિસાગર

બાલાસિનોર

મોહનસિંહ ચૌહાણ	અચિત ચૌહાણ

લુણાવાડા

જુવાનસિંહ ચૌહાણ	પનંજયદ્રિતયા પરમાર

જિલ્લો : સુરત

ઓલપાડ

મુકેશભાઈ પટેલ	યોગન્દ્રભાઈ બાકરોલા

માંગરોળ (એસટી)

ગણપતભાઈ વસાવા	ઉત્તમભાઈ વસાવા

માંડવી (એસટી)

પ્રવીણભાઈ ચૌધરી	આનંદભાઈ ચૌધરી

કામરેજ

વી ડી ઝાલાવડિયા	અશોકભાઈ જીરાવાલા

સુરત પૂર્વ

અરવિંદભાઈ રાણા	નીતિનભાઈ ભરૂચા

સુરત ઉત્તર

કાંતિભાઈ બલ્લર	દિનેશભાઈ કાછડિયા

વરાછા રોડ

કિશોરભાઈ કાનાણી	ધીરુભાઈ ગજેરા

કરંજ

પ્રવીણભાઈ ઘોઘારી	ભાવેશભાઈ ભુંભણીયા

લિંબાયત

સંગીતાબેન પાટીલ	રવિન્દ્રભાઈ પાટીલ

ઉધના

વિવેકભાઈ પટેલ	સતીષભાઈ પટેલ

મજુરા

હર્ષભાઈ સંઘવી	અશોકભાઈ કોઠારી

કતારગામ

વિનુભાઈ મોરડીયા	જીજ્ઞેશભાઈ મેવાસા

સુરત પશ્ચિમ

પૂર્ણેશભાઈ મોદી	ઈંકબાલભાઈ પટેલ

ચોર્યાસી

ઝંખનાબેન પટેલ	યોગેશભાઈ પટેલ

બારડોલી (એસસી)

ઈશ્વરભાઈ પરમાર	કરણભાઈ વાઘેલા

મહુવા (એસટી)

મોહનભાઈ ઢોડિયા	ડૉ. તુષાર ચૌધરી

જિલ્લો : નવસારી

જલાલપોર

રમેશભાઈ પટેલ	પરિમલભાઈ પટેલ

નવસારી

પિયુષભાઈ પટેલ	ભાવનાબેન પટેલ

ગણદેવી

નરેશભાઈ પટેલ	સુરેશભાઈ હળપતિ

વાંસદા (એસટી)

ગણપતભાઈ મહાલા	અનંતભાઈ પટેલ

જિલ્લો : આણંદ

ખંભાત

મયુરભાઈ રાવલ	ખુશમાનભાઈ પટેલ

બોરસદ

રમણભાઈ સોલંકી	રાજેન્દ્રસિંહ પરમાર

આંકલાવ

હંસાકુંવરબા રાજ	અમિતભાઈ ચાવડા

ઉમરેઠ

ગોવિંદભાઈ પરમાર	કપિલાબેન ચાવડા

આણંદ

યોગેશભાઈ પટેલ	કાંતિભાઈ સોઢા

પેટલાદ

સી ડી પટેલ	નિરંજનભાઈ પટેલ

સોજિત્રા

વિપુલભાઈ પટેલ	પુનમભાઈ પરમાર

જિલ્લો : ખેડા

માતર

કેશરીસિંહ સોલંકી	સંજયભાઈ પટેલ

નડિઆદ

પંકજભાઈ દેસાઈ	જિતેન્દ્રભાઈ પટેલ

મહેમદાવાદ

અર્જુનસિંહ ચૌહાણ	ગૌતમભાઈ ચૌહાણ

મહુધા

ભારતસિંહ પરમાર	ઈન્દ્રજિતસિંહ ઠાકોર

ઠાસરા

રામસિંહ પરમાર	કાંતિભાઈ પરમાર

કપડવંજ

કનુભાઈ ડાબી	કાલુભાઈ ડાબી

જિલ્લો : દાહોદ

લીમખેડા

શૈલેષભાઈ ભાભોર	મહેશભાઈ તડવી

દાહોદ

કનૈયાલાલ કિશોરી	વજેસિંહભાઈ પાન્ડા

ગરબાડા

મહેન્દ્રભાઈ ભાભોર	ચંદ્રિકાબેન બારૈયા

દેવગઢબારિયા

બચુભાઈ ખાબડ	ભરતસિંહ વખલા

જિલ્લો : અમદાવાદ

વિરમગામ

ડૉ. તેજશ્રી પટેલ	લાખાભાઈ ભરવાડ

સાણંદ

કનુભાઈ મકવાણા	પુષ્પાબેન ડાબી

ઘાટલોડિયા

ભૂપેન્દ્રભાઈ પટેલ	શશીકાંત પટેલ

વેજલપુર

કિશોરભાઈ ચૌહાણ	મિહિર શાહ

વટવા

પ્રદિપસિંહ જાડેજા	વિપીનભાઈ પટેલ

એલિસબ્રિજ

રાકેશભાઈ શાહ	વિજયભાઈ દવે

નારણપુરા

કૌશિકભાઈ પટેલ	નીતિનભાઈ પટેલ

નિકોલ

જગદીશભાઈ પંચાલ	ઈન્દ્રવિજયસિંહ ગોહેલ

નરોડા

બલરામ થાવાણી	ઓમપ્રકાશ તિવારી

ઠક્કરબાપાનગર

વલ્લભભાઈ કાકડિયા	બાબુભાઈ માંગોકિયા

બાપુનગર

જગરૂપસિંહ રાજપુત	હિંમતસિંહ પટેલ

અમરાઈવાડી

એચ એસ પટેલ	અરવિંદસિંહ ચૌહામ

દરિયાપુર

ભરતભાઈ બારોટ	ગ્યાસુદિન શેખ

જમાલપુર-ખાડિયા

ભૂષણભાઈ ભટ્ટ	ઈમરાન ખેડાવાલા

મણિનગર

સુરેશભાઈ પટેલ	શ્વેતા બ્રહ્મભટ્ટ

દાણીલીમડા

જીતુભાઈ વાઘેલા	શૈલેષ પરમાર

સાબરમતી

અરવિંદભાઈ પટેલ	ડૉ. જીતુભાઈ પટેલ

અસારવા

પ્રદિપભાઈ પરમાર	કનુભાઈ વાઘેલા

દસક્રોઈ

બાબુભાઈ પટેલ	પંકજભાઈ પટેલ

દોળકા

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા	અશ્વિન રાઠૌર

ધંધુકા

કાલુભાઈ ડાબી	રાજેશભાઈ કોળી

જિલ્લો : મહેસાણા

સિદ્ધપુર

જયનારાયણ વ્યાસ	ચંદનભાઈ ઠાકોર

ખેરાલુ

ભરતસિંહ ડાબી	રામજી ઠાકોર

ઊંઝા

નારણભાઈ પટેલ	ડૉ. આશાબેન પટેલ

વિસનગર

ઋષિકેશ પટેલ	મહેશભાઈ પટેલ

બેચરાજી

રજનીભાઈ પટેલ	ભરતભાઈ ઠાકોર

કડી

કરસનભાઈ સોલંકી	રમેશભાઈ ચાવડા

મહેસાણા

નીતિનભાઈ પટેલ	જીવાભાઈ પટેલ

વિજાપુર

રમણભાઈ પટેલ	નાથાભાઈ પટેલ

જિલ્લો : પાટણ

રાધનપુર

લવિંગજી ઠાકોર	અલ્પેશ ઝાલા

યાણસ્મા

દિલપજી ઠાકોર	રઘુભાઈ દેસાઈ

પાટણ

રણછોડભાઈ દેસાઈ	ડૉ. કિરીટભાઈ પટેલ

જિલ્લો : સાબરકાંઠા

હિંમતનગર

રાજેન્દ્રકુમાર ચાવડા	કમલેશ પટેલ

ઈડર

હિતુ કનોડિયા	મણીલાલ વાઘેલા

ખેડબ્રહ્મા

રમીલાબેન બારા	અશ્વિનભાઈ કોટવાલ

પ્રાંતિજ

ગજેન્દ્રસિંહ પરમાર	મહેન્દ્રસિંહ બારૈયા

જિલ્લો : અરવલ્લી

ભિલોડા

પી સી બરંડા	ડૉ. અનિલ જોષીયારા

મોડાસા

ભીખુસિંહ પરમાર	રાજેન્દ્રસિંહ ઠાકોર

બાયડ

અદેસિંહ ચૌહાણ	ધવલસિંહ ઝાલા

જિલ્લો : પંચમહાલ

સંતરામપુર (એસટી)

કુબેરસિંહ ડિંડોર	ગેંહાલભાઈ ડામોર

શહેરા

જેઠાભાઈ આહિર	દુષ્યંતસિંહ ચૌહાણ

મોરવા હડફ

વિકમસિંહ ડિંડોર	ભરતીયા ટ્રિબાલ પાટી

ગોધરા

સી કે રાઓલજી	રાજેન્દ્રસિંહ પટેલ

કાલોલ

સુમનબેન ચૌહાણ	પ્રદ્યુમ્નસિંહ પરમાર

હાલોલ

જયદ્રથસિંહ પરમાર	ઉદેસિંહ બારૈયા

ફતેપુરા (એસટી)

રમેશભાઈ કટારા	રંગુ ડી મચ્છાર

ઝાલોદ

મહેશભાઈ ભુરીયા	ભાવેશભાઈ કટારા

જિલ્લો : વડોદરા

સાવલી

કેતનભાઈ ઈમાનદાર	સાગરપ્રકાશ બ્રહ્મભટ્ટ

વાઘોડિયા

મધુભાઈ શ્રીવાસ્તવ	-

સંખેડા

અભયસિંહ તડવી	ધીરુભાઈ સી ભીલ

ડભોઈ

શૈલેષભાઈ મહેતા	સિદ્ધાર્થ પટેલ

વડોદરા શહેર

નિમિષાબેન વકીલ	અનિલભાઈ પરમાર

સયાજીગંજ

જીતુભાઈ સુખડીયા	નરેન્દ્રભાઈ રાવત

અકોટા

સીમાબેન મોહીલે	રણજિતભાઈ ચવાન

રાવપુરા

રાજેન્દ્રભાઈ ત્રિવેદી	ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ

માંજલપુર

યોગેશભાઈ પટેલ	પૂર્વેશ બોરેલ

પાદરા

દિનેશભાઈ પટેલ	જશપાલસિંહ ઠાકોર

કરજણ

સતીષ